# સ્ક્લેરોડર્માં

❖ **સ્ક્લેરોડર્માંમાં શું તપાસ કરવામાં આવે છે?**

- બિમારીની શરૂઆતમાં લોહીના કણો, લીવર, કીડની, હૃદય, ફેફસાની તપાસ દર્દીના ચિન્હો પ્રમાણે જરૂર મુજબ કરવામાં આવે છે.

❖ **સ્ક્લેરોડર્માં ના પેટા પ્રકાર કેટલા હોય છે?**

સ્ક્લેરોડર્માંના આ બે મુખ્ય પેટા પ્રકાર છે

1. લીમીટેડ સ્ક્લેરોડર્માં
2. જનરલાઇઝ્ડ સ્ક્લેરોડર્માં

- મોર્ફીઆ, લીનીયર સ્ક્લેરોડર્માં વગેરે બીજા પ્રકાર છે જે ચામડીના નાના ભાગને જ અસર કરે છે.

❖ **સ્ક્લેરોડર્માંમાં ક્યા અંગો પર અસર થાય છે?**

- ચામડી, આંતરડા, ફેફસાં, લોહીની નસો, સાંધા, હૃદય ઉપર આ બિમારીની અસર થાય છે.

❖ **સ્ક્લેરોડર્માંના ચિન્હો શું હોય છે?**

- સ્ક્લેરોડર્માંના મોટા ભાગના દર્દીમાં શરૂઆતમાં આંગળીની ચામડીમાં સોજો આવે છે. જનરલાઇઝ્ડ સ્ક્લેરોડર્માંમાં ધીમે ધીમે આખા શરીરની ચામડી પર સોજો આવે છે.
- શિયાળામાં આંગળીઓમાં લોહીના ભ્રમણમાં તકલીફ થાય છે. આંગળીનો રંગ ઠંડા તાપમાન સાથે સફેદ,ભૂરો, લાલ થાય છે. આંગળી ના ટેરવા ઉપર ચાંદી પડે છે.
- ફેફસા ઉપર અસર ધરાવતા દર્દી ને સૂકી ખાંસી આવે છે, થોડા શ્રમ સાથે શ્વાસ ચડે છે.
- આંતરડા ઉપર અસર થવા સાથે એસીડીટી/ ગેસ થાય છે. પિત્ત થાય છે. સાંધા તથા શરીર દુ:ખે છે.
- હૃદય : ઉપર અસર થતા તેના અમુક પ્રકારના પ્રેશરમાં વધારો થાય છે.

❖ **સ્ક્લેરોડર્માંનું નીદાન કઇ રીતે થાય છે?**

- સ્ક્લેરોડર્માંનું નિદાન બિમારીના લાક્ષણીક ચિન્હો ઉપરથી થાય છે. બિમારીની શરૂઆતમાં ફક્ત ચામડી ઉપર અસર હોય ત્યારે ચામડીની બાયોપ્સી, ANA (IF), ENA profile નિદાન કરવામાં મદદ કરે છે.

❖ **સ્ક્લેરોડર્માં ની સારવાર કઇ રીતે કરવામાં આવે છે?**

- લોહીનું ભ્રમણ સુધારવા માટે વાઝોડાઇલેટર (vasodilator) પ્રકારની દવાઓ જેમકે નેફીડીપીન, એમ્લોડીપીન, સિલ્ડેનાફીલ, ટેડાલાફીલ વાપરવામાં આવે છે.
- અન્નનળી ઉપર અસર ધરાવતા દર્દીઓને ઓમીપ્રાઝૉલ, પેન્ટોપ્રાઝૉલ, રાબેપ્રાઝૉલ વગેરે એસીડીટી ઓછી કરવા માટે આપવામાં આવે છે.
- આંતરડાને લયબધ્ધ કરવા ડોમપેરીડોન, મોસાપ્રાઇડ, ઇટોપ્રાઇડ, લેવીપ્રાઇડ વાપરી શકાય છે.
- ફેફસા ઉપર અસર ધરાવતા દર્દી જેમની બિમારી ઝડપથી આગળ વધે છે – તેમા સ્ટીરોઇડ, સાયક્લોફોસ્ફોમાઇડ, એઝાથાયોપ્રીન વગેરે વાપરવામાં આવે છે.
- હૃદયમાથી ફેફસામા પહોચતી ધમનીનુ પ્રેશર વધારે હોય ત્યારે – સિલ્ડેનાફીલ, ટેડાલાફીલ,પ્રોસ્ટાસાયક્લીન,બોસેન્ટાન વગેરે દવાઓ જરૂર પ્રમાણે વાપરી શકાય છે.
- ચામડી ઉપરની અસર રોકવા માટે જરૂરીયાત મુજબ દવા ડોક્ટર દ્વારા અપાય છે.

RHEUMATOLOGY ASSOCIATION GUJARAT

❖ **સ્ક્લેરોડર્માં ધરાવતા દર્દીઓએ જીવન જીવવાની પધ્ધતીમાં શું ફેરફાર કરવો જોઇએ?**

- ખોરાકને અને આ બિમારીને સીધો સબંધ નથી. ખટાશ ખાઇ શકાય છે.
- આંતરડા ઉપર અસર ધરાવતા દર્દીઓએ તીખું, તળેલું ખાવાનું ટાળવું જોઇએ. સાંજે સૂવાના બે-ત્રણ કલાક પહેલા જમી લેવું જોઇએ. રાતે જમવામા પ્રવાહી ઓછું લેવું જોઇએ.
- લોહીના ભ્રમણમાં અસર ધરાવતા દર્દીઓએ ઠંડા પાણીમાં હાથ નાખવાનુ ટાળવું જોઇએ. શિયાળામાં ઉનના મોજાં પહેરવા જોઇએ.
- ફેફસા તથા હૃદય ઉપર અસર ધરાવતા દર્દીઓએઅતિશય શારીરીક શ્રમ ન કરવો જોઇએ.

RHEUMATOLOGY
ASSOCIATION GUJARAT